DCO-16010101010622O2 Seat No. ________

# B. A. (Sem. VI) (CBCS) (W.E.F. 2016) Examination

**July – 2022**

## Gujarati

*(Gujarati, Vyakaran Sahitya, Sarjan Lekhan Kaushal - 6)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) પ્રશ્નપત્રમાં કુલ પાંચ પ્રશ્નો છે.
(૨) દરેક પ્રશ્નનાં ગુણ સરખા છે.

1 નીચેના કાવ્યોનો આસ્વાદ કરાવો : **14**

વૈષ્ણવજનતો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે,
પર દુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે.
વૈષ્ણવજન.....

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે,
વાચ-કાછ-મન નિશ્ચળ રાખે, ધન ધન જનની તેની રે,
વૈષ્ણવજન.....

સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાંગી, પરસ્ત્રી જેને માત રે,
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથરે,
વૈષ્ણવજન.....

મોહ માયા વ્યાપે નહિ તેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે,
રામ નામ શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે.
વૈષ્ણવજન.....

વણ લોભીને કપટ રહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે,
ભલે નરસૈયોં તેનું દરશન કરતા કુળ એકોતેર તાર્યા રે.
વૈષ્ણવજન.....

- નરસિંહ મહેતા

**અથવા**

રૂડો જુઓ, આ ઋતુરાજ આવ્યો, મુકામ તેણે વનમાં જમાવ્યો.
તરુવરોએ શણગાર કીધો, જાણે વસંત શિર પાવ દીધો.

જૂના જૂના પત્ર ગયા ખટીને, શોભે તરુ પત્ર નવા ધરીને;
જાણે નવા વસ્ત્ર ધર્યા ઉજાળી, સમીપમાં લગ્નસરા નિહાળી.

આંબે જુઓ મ્હોર અપાર આવ્યો, જાણે ખજાનો ભરી મ્હોર લાવ્યો.
જો કોકિલા ગાન રૂડું કરે છે, વસંતના શું જરા ઉચ્ચરે છે ?

બોલે મીઠું કોકિલ એક જ્યારે, વાદે બીજા એથી મીઠું ઉચારે;
વિવાદ જાણે કવિઓ કરે છે, વખાણ લેવા સ્પરધા ધટે છે.

ચોપાનિયા પુસ્તક, જો, પ્રકાશે, ભલું જે તેથી નૃપરાજ્ય ભાસે;
તથા તરુ શોભિત પુષ્પ ભારે, તો કેમ આંબા નહિ પુષ્પ તારે ?

સુશોભિત થા હરિને પ્રતાપે, પ્રભુ તને ઉત્તમ પુષ્પ આપે;
સ્તુતિ કરી ભાગ્ય પ્રભુ સમીપે, સુપુષ્પથી સુંદર દેહ દીપે.

અરે ન કીધા ફુલ કેમ આંબે, કર્યા વળી કંટકશા ગુલાબે;
સુલોચના ને શિર અંધ સ્વામી, ખરે વિધાના તુ જ કૃત્ય ખામી

- **દલપતરામ**

2 મધ્યકાલીન સાહિત્યના સંશોધન અને સંપાદનમાં થતી મુશ્કેલીઓ વિશે ચર્ચા કરો. 14

**અથવા**

2 મધ્યકાલીન સાહિત્યના સંશોધન અને સંપાદનમાં કઈ-કઈ વિશેષ બાબતોની જરૂર પડે છે તે જણાવો. 14

3 જોડણી એટલે શું ? તેના વિશે ચર્ચા કરો. 14

**અથવા**

3 જોડણીભેદથી થતા અર્થભેદ સમજાવી તેનાં સાત ઉદાહરણ આપો. 14

4 સર્જનાત્મક લેખન વિશે ચર્ચા કરી તેના લેખન અંગે કઈ-કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ તે સમજાવો. **14**

**અથવા**

4 તમારી કોલેજમાં યોજાયેલ 'રક્તદાન' શિબિર અંગેના અહેવાલનું સર્જનાત્મક લેખન કરો. **14**

5 નીચે આપેલ કોઈ પણ બે ટૂંકનોંધ લખો : **14**

(1) સંધિ એટલે શું ? તે સમજાવો.

(2) સ્વરસંધિ સમજાવી તેનાં પાંચ ઉદાહરણ આપો.

(3) વ્યંજનસંધિ સમજાવી તેનાં પાંચ ઉદાહરણ આપો.

(4) વિસર્ગ સંધિ સમજાવી તેનાં પાંચ ઉદાહરણ આપો.